ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

કચ્છ યુનિવર્સિટી કાર્યાલય
મુન્દ્રા રોડ, ભુજ.
રેફ.નં.ક.યુ.પરિપત્ર/૨૧/૪૧૦૮
તા.૧૩/૦૯/૨૦૨૧

**પરિપત્ર : – ૨૯**

આ યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ માટે એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી ભરવાની તારીખો વધારવામાં આવેલ છે આ નીચે વીગતે સ્વીકારવામાં આવશે.

(૧) આપની કોલેજ / ભવનના જે કોર્ષ ની પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન થયેલ છે તે કોર્ષના ઓનલાઈન જનરેટ થતા એનરોલમેન્ટ ફોર્મ કોલેજ/ભવન યુનિવર્સિટી ખાતે મોકલવાના રહેશે નહી, કોલેજ/ભવને એનરોલમેન્ટ ફોર્મ પોતાની પાસે રાખવાના રહેશે.

(૨) ઓનલાઈન જનરેટ થતા એનરોલમેન્ટ / એલીજીબીલીટી ફોર્મ એડમિશન કનફર્મ થયેથી જનરેટ થશે.

(૩) એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/– તથા ડેવલોપમેન્ટ ફી રૂા. ૧૦૦/– તથા સ્પોટર્સ, સાંસ્કૃતિક અને ઝોન ફી રૂા. ૧૦૦/– (બન્નેં સત્રના) તા. ૦૧/૧૦/૨૦૨૧ સુધી લેઈટ ફી વગર કોલેજોએ ફી સ્વીકારવી અને આ ફી યુનિવર્સિટી ખાતે તા.૦૪/૧૦/૨૦૨૧ સુધી લેઈટ ફી વગર સ્વીકારવામાં આવશે. ત્યારબાદ તા.૧૮/૧૦/૨૦૨૧સુધી રૂા.૧૦૦/– લેઈટફી સાથે, તા. ૨૨/૧૦/૨૦૨૧સુધી રૂા.૫૦૦/– પેનલ્ટી સાથે સ્વીકારવામાં આવશે ત્યારબાદ એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

(૪) આપની કોલેજમાં અભ્યાસ કરતા સેમેસ્ટર ૩/૫/૭ના વિદ્યાર્થીઓની વિદ્યાર્થીદીઠ રૂા. ૧૦૦/– સ્પોટર્સ, સાંસ્કૃતિક અને ઝોન ફી (બન્નેં સત્રના) ભરવાની રહેશે.

(૫) **જે તે કોલેજોએ એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન વગેરે ફી ની રકમ બેન્ક ડ્રાફટ અથવા મલ્ટીસીટી ચેકથી કોલેજો એ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે એનરોલમેનટ ફી પોસ્ટ / કુરીયર કે રજીસ્ટરએડી કે RTGS થી અથવા વિદ્યાર્થીઓ પાસેથી સ્વીકારવામાં આવશે નહી.** એનરોલમેન્ટ ફોર્મ ફી તથા એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન વગેરે

ફી સવારે ૧૧ થી ૨ અને ૨:૪૫ થી ૩.૩૦ ની વચ્ચે જમા કરાવવી અન્યથા બેંકની પ્રોસેસને લીધે આ ફી સ્વીકારવામાં આવશે નહી જે વિદીત થાય.

(૬) આપની કોલેજ / ભવનના જે કોર્ષ પ્રવેશ ઓનલાઈન થયેલ નથી તે કોલેજ/ ભવનોએ એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મનું આ સાથે સામેલ માહિતી પત્રક મુજબનુ પત્રક બનાવી તેની એક હાર્ડ કોપી તથા આ માહિતી સી.ડી. માં ડેટા એન્ટ્રી કરી સી.ડી. ઉપર જે તે કોલેજનું નામ લખી માહિતી મોકલાવાની રહેશે.

(૭) આપની કોલેજ / ભવનના જે કોર્ષ પ્રવેશ ઓનલાઈન થયેલ નથી કોર્ષ માટે જેટલા એનરોલમેન્ટ ફોર્મની જરૂરીયાત હોય તેટલા ફોર્મની એક ફોર્મ દીઠ રૂા. ૨૫/– લેખે ફી મલ્ટીસીટી ચેક અથવા ડી.ડી. જમા કરાવ્યા બાદ જ અત્રેથી મેળવી લેવા.

(૮) નર્સીગ,એમ.બી.બી.એસ.,મેડીકલ પી.જી. કોર્ષ તથા બી.પી.ટી. ના એડમિશન થયા પછીના માત્ર સાત જ દિવસમાં એનરોલમેન્ટની ફી વગેરે પ્રોસીઝર પુરી કરી લેવી. સાત દિવસ પૂર્ણ થયા બાદના માત્ર સાત જ દિવસ સુધી રૂા. ૫૦૦/– લેઈટ ફી સાથે એનરોલમેન્ટ સ્વીકારવામાં આવશે ત્યારબાદ એનરોલમેન્ટ સ્વીકારવામાં આવશે નહી.

(૯) સરકારશ્રી તથા યુનિવર્સિટી દ્વારા ખાસ કિસ્સામાં મંજૂર થયેલ સીટો ઉપરાંતના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહી તથા એનરોલમેન્ટ ફી જમા કરાવતા સમયે સરકારમાંથી મંજૂર થયેલ તથા યુનિવર્સિટી દ્વારા જે તે વર્ષ માટે વધારાની સીટો ભરવા અંગેના તમામ આધાર પુરાવાઓ સાથે રાખવા ફરજીયાત છે.

(૧૦) એનરોલમેન્ટની ફી જમા કરાવતા સમયે વિદ્યાર્થીઓની યાદી જેમાં તેમનું નામ,કેટેગરી,છેલ્લે પાસ કરેલ પરિક્ષા, છેલ્લી પરિક્ષાનુ બોર્ડ / યુનિવર્સિટી તથા એલીજીબીલીટી સર્ટિફિકેટના નંબર તથા તારીખ સાથેની યાદી સાથે રાખવી ફરજીયાત છે અન્યથા ફી સ્વીકારવામાં આવશે નહી.

**કુલસચિવ**

પ્રતિ,

૧. આચાર્યશ્રી,યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો.
૨. અધ્યક્ષશ્રી,અનુસ્નાતક ભવનો તમામ.
૩. સીસ્ટમ ઈજનેરશ્રી તરફ

**નોંધ :– ફી ની રકમ રોકડથી જમા લેવામાં આવશે નહી ફી મલ્ટીસીટી ચેક અથવા DD થી જ જમા લેવામાં આવશે અને આ ફી કોલેજોએ રૂબરૂ માં જમા કરાવવાની રહેશે પોસ્ટ /કુરીયર, રજીસ્ટરએડી / RTGS અને વિદ્યાર્થીઓ પાસેથી થી સ્વીકારવામાં આવશે નહી.**